ગાંધીનગર સમાચાર
તા. ૮-૫-૨૦૧૩, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

કર્ણાટક ચુકાદો : પ્રજાની પરિપક્વતાનો પુરાવો

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મળેલી બહુમતી અપેક્ષિત જ હતી કારણ કે દક્ષિણ ભારતમાં પહેલી જ વાર પગ પેસારો કરનાર ભારતીય જનતા પાર્ટી મુખ્યત્વે યેદિયુરપ્પાનાં જ્ઞાતીય સમીકરણોને કારણે અને તત્કાલીન કોંગ્રેસ સરકાર સામેનાં શાસન વિરોધી (એન્ટિ-ઈન્કમ્બન્સી) જુવાળને કારણે સત્તામાં આવી હતી. ઉત્તર ભારતનાં રાજયોમાં અને સવિશેષ મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં જેવો હિંદુ-વાદ ફાલ્યો ફૂલ્યો છે એવો કર્ણાટકમાં નથી દેખાતો. કર્ણાટકમાં જ્ઞાતિવાદનું વર્ચસ્વ છે. જે પ્રદેશમાં સાક્ષરતાનું સવિશેષ પ્રમાણ જોવા મળે છે અને સાહિત્યજગતનો સર્વોચ્ચ જ્ઞાનપીઠ પુરસ્કાર જે ભાષામાં સૌથી વધુ વખત (નવ વાર) એનાયત થયેલ છે તે ભાષા અને પ્રદેશમાં જ્ઞાતિવાદ પણ એટલો જ પ્રબળ હોય તે એકવીસમી સદીનું આશ્ચર્ય જ ગણાય. કર્ણાટકના ખેડૂત નેતા અને વોક્કાલિગા સમાજના અગ્રણી હરદન હલ્લી ડી. દેવગોવડા ભારતના વડાપ્રધાન બની શકયા તે પણ એક આશ્ચર્ય ગણાય. વર્ષોથી કોંગ્રેસનો ગઢ ગણાતા કર્ણાટકમાં સત્તા હાંસલ કરનારી ભારતીય જનતા પાર્ટીએ કુલ મતોની ટકાવારી જોતાં કોંગ્રેસ કરતાં પાંચ વર્ષ પૂર્વે ફકત ૧ ટકો ઓછા મત મેળવ્યા હતા છતાં ભાજપના નેતા યેદિયુરપ્પાની તરફેણમાં સમગ્ર લિંગાયત સમાજના મતોનું ધ્રુવીકરણ થતાં ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવી હતી. કોંગ્રેસ માટે આ એની કારકિર્દીની સૌથી દુઃખદ ઘડી હતી. જયારે જયારે કોંગ્રેસ મુસીબતમાં મુકાઈ છે ત્યારે કર્ણાટક જ એની વહારે ધાયું છે. અત્યારે કોંગ્રેસ સામે દેશભરમાં નકારાત્મક અભિપ્રાય પ્રવર્તી રહ્યો છે ત્યારે કર્ણાટકની વિચક્ષણ પ્રજાએ કોંગ્રેસને વધુ સારા રાષ્ટ્રીય વિકલ્પ તરીકે સ્વીકારી ભાજપને ત્રીજા નંબરે ધકેલી દઈ વધુ એક આંચકો આપ્યો છે. ભાજપનો વિજયરથ દખ્ખણમાં પહોંચ્યો હતો પણ એને રાજ કરતાં ન આવડ્યું. યેદિયુરપ્પા કર્ણાટકના 'વિકાસ પુરૂષ' તરીકેની ઈમેજ ઊભી કરી શકે એ પહેલાં ભ્રષ્ટાચારના મુદ્દે એમને સત્તા છોડવી પડી અને એમણે કેન્દ્રીય નેતાગીરીને પોતાની તાકાત બતાવવા બાંયો ચડાવી હતી. કોંગ્રેસી નેતાઓએ કર્ણાટકની જીત માટે રાહુલ ગાંધીને ભરપૂર જશ આપવા માટે એકમેકની હરીફાઈમાં પડ્યા છે. નરેન્દ્ર મોદી સહિતની ભાજપ નેતાગીરીએ કર્ણાટકમાં ભાજપ સરકારની પુનઃસ્થાપના માટે કોઈ કસર છોડી નહોતી. પરંતુ ભાજપને હટાવવાનો સંકલ્પ કરી ચૂકેલા મતદારોએ ઓછા અનિષ્ટ તરીકે કોંગ્રેસને સત્તા સોંપી છે. અલબત્ત, ભ્રષ્ટાચારના આક્ષેપોથી ઘેરાયેલ કોંગ્રેસ માટે કર્ણાટક વિજય પ્રાણવાયુ પુરવાર થઈ શકે એમ છે પરંતુ એની કેન્દ્રીય નેતાગીરીએ ભ્રષ્ટ મંત્રીઓને સંરક્ષણ આપવાનો અભિગમ અપનાવી જનમાનસમાં નકારાત્મક ઈમેજ ઊભી કરી છે. રાષ્ટ્રીય પક્ષ તરીકે ઊપસી રહેલી ભારતીય જનતા પાર્ટી માટે ફરી એકવાર દખ્ખણના દરવાજે તાળાં લાગી ગયાં છે. હજુ ૨૦૧૪ પૂર્વે દિલ્હી, છત્તીસગઢ અને રાજસ્થાન તથા મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. કોંગ્રેસે કર્ણાટકની સફળતાથી ફુલાઈ જવાની જરૂર નથી. પરંતુ જે રીતે રાહુલ ગાંધીએ કર્ણાટકનાં વિવિધ ઝઘડતાં જૂથોને એક સૂત્રમાં પરોવી ચૂંટણી સંગ્રામ જીતવા માટે પ્રેરિત કર્યા એ પ્રકારની સંગઠનની એકતા જરૂર કોંગ્રેસ માટે આશીર્વાદરૂપ બની શકશે. નરેન્દ્ર મોદીનો જાદુ ગુજરાત બહાર નથી ચાલી શકતો એની પ્રતીતિ પણ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને તે પછી છેલ્લે કર્ણાટકની ચૂંટણીઓએ કરાવી દીધી છે.

ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રંગપૂર્ણ ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શ્રી મહાપ્રભુજીના પ૩૬માં જન્મદિન પ્રસંગે શ્રી

ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧ ખાતે બાળકો માટે રંગપૂર્ણ ચિત્ર હરિફાઈનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

સેકટર-૨૧ સ્થિત શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મહાપ્રભુજીના જન્મદિન નિમિત્તે બાળકો માટે રંગપૂર્ણ ચિત્ર હરિફાઈમાં બે ગ્રુપ રાખવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકોએ મહાપ્રભુજીના ચિત્રમાં સરસ રંગબેરંગી કલર પૂર્યા હતા.

સ્પર્ધામાં ગ્રુપ એ માં પ્રથમ વ્રજ શાહ, દ્વિતિય દેવ સોની, તૃતિય ધ્યેય રાવલ તેમજ ગ્રુપ-બી માં પ્રથમ રિચા તુષાર સાહ, દ્વિતીય તન્વી ડી. ગાંધી, તૃતિય વિસ્મય ધામેચા વિજેતા બન્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. જ્યારે બંને ગ્રુપમાં ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર બાળકોને નિર્ણાયક નેહા શાહના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ડી.એફ. શાહ, રસિકભાઈ ગાંધી, ચંદ્રકાન્ત અડાલજા, જયેન્દ્ર પરીખ, હર્ષદભાઈ ગાંધીએ ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના પ્રમુખે સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી આર. કે. પટેલનું અવસાન થતાં સદ્‌ગતના આત્માને અંજલી આપવા ગાંધીનગર કેમ્પસ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું હતું. સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ અંજલી સભામાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને મંડળના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આર. કે. પટેલની કર્તવ્ય - નિષ્ઠાને અને સંસ્થા પરત્વેના સંબંધોનું સ્મરણ કરી ભાવભીની અંજલી આપી હતી. (તસવીર : દિપક જાની)

સારું છે, આપણને પીવાની ટેવ છે બાકી તો સાંભળ્યું છે લોકોને પીવા પાણી પણ મળતું નથી...!!

ઉદ્‌ગમ દ્વારા બાળ વૈભવ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ બાળકોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ

થઈને કાર્ય કરે છે. ઉદ્‌ગમ સંસ્થા દ્વારા ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટના સહયોગથી બાળકોના સાતત્યપૂર્ણ વિકાસને ધ્યાનમાં રાખીને બાળ વૈભવ શિબિર (સમર કેમ્પ)નું આયોજન તા. ૩૦ એપ્રિલથી પમી મે, ૨૦૧૩ સુધી ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગરમાં ઉદ્‌ઘમ સંસ્થાના પથદર્શક સુશ્રી આશાબેન સરવૈયાના સતત માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

બાળ વૈભવ શિબિર સમય દરમ્યાન બાળ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓનું વિષય નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ બાળ વૈભવ શિબિરનું મહત્વ અને વિવિધ કાર્યક્રમોની સમજ આપી હતી. પરિવાર અને સમૂહની ભાવના અંગેની સમજ અને ભવિષ્ય નિર્માણના આયોજન વિશે શ્રી દેવેન્દ્રભાઈ પારેખે ખૂબ રસપૂર્વક બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડ્યું હતું. શિબિર દરમ્યાન બાળકોને વિવિધ વાર્તા, બાળ ગીતો દ્વારા બોધ અને શિક્ષણ મળે તે માટે જયશ્રીબેન ખેતિયા, ગીરાબેન ભટ્ટ, મીનાબેન શાહ તેમજ પ્રા. દક્ષાબેન ભાવસારે અલગ અલગ વાર્તાઓ દ્વારા બાળકોને સમજ આપી હતી. બાળકોના સર્જનાત્મક વિકાસ થાય તે માટે ઉમાબા સોલંકી શિબિર દરમ્યાન સતત હાજર રહીને ચિત્ર લેખન તેમજ કાર્ડ મેકિંગ વગેરેની ઉંડાણપૂર્વકનું પ્રેક્ટીકલ જ્ઞાન આપ્યું હતું. કૃતિ ભાવસારે બાળકોને વિવિધ પ્રકારના પપેટ બનાવતા શિખવ્યું હતું. અને બાળકોએ વિવિધ પ્રકારના ચિત્રો અને પપેટ તેમજ કાર્ડ બનાવ્યા

હતા. જાહેરમાં બોલવાની વક્તૃત્વ કળાનો ખ્યાલ અંગેની સમજ શ્રી જસવંતભાઈ ગાંધીએ આપી હતી. જીવન મુલ્ય શિક્ષણ અંગેની વિસ્તૃત સમજ શ્રીમતી જશુબેન ઠક્કર અને બાળ ભવિષ્ય અંગેનો ખ્યાલ ડૉ. વર્ષાબેન પારેખે આપ્યો હતો. સંસ્થાના મેનેજરશ્રી સંજયભાઈ પટેલે વિવિધ શૈક્ષણિક રમતો રમાડીને બાળકોની રચનાત્મક, સર્જનાત્મક અને કૌશલ્ય જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. શ્રીમતી પરમજીતબેન છાબડાએ બાળકોને કેવા ખોરાક આપવા જોઈએ તેની સમજ વાલીઓને આપી હતી.

બાળ વૈભવ શિબિરના પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં મુય મહેમાન શ્રીમતી દક્ષાબેન યાજ્ઞિક, અતિથિ વિશેષ તરીકે શ્રીમતી સર્મિષ્ઠાબેન દવે, શ્રીમતી આશાબેન સરવૈયા અને સંસ્થાના મેનજીગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષી તેમજ પરમજીતબેન છાબડા અને ઉમાબા સોલંકી ઉપસ્થિત રહીને બાળકોના વાલીઓને મહેમાનોએ માર્ગદર્શન આપ્યું હતું. સર્મિષ્ઠાબેને બાળકોને આવી શિબિર દ્વારા સાચુ ઘડતર થાય છે તેની વાત કરી અને દક્ષાબેન યાજ્ઞીકે બાળકોને નકારાત્મક વલણઓથી દૂર રાખવા જોઈએ અને મુક્ત વાતાવરણ આપવું જોઈએ, બાળ વૈભવ શિબિરમાં ભાગ લેનાર બાળકોને મહેમાનોના હસ્તે સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા અને અંતે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ વાલીઓને બાળકો પ્રત્યે હકારાત્મક વલણ અપનાવવાની વાત કરીને સૌનો આભાર માન્યો હતો.

જે.ઈ.ઈ.ની પરીક્ષામાં ઈન્ફોસીટી જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૮

જે.ઈ.ઈ.ની પરીક્ષામાં ગાંધીનગર સ્થિત ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના ૧૮૯ વિદ્યાર્થીઓમાંથી ૩૯ ક્વોલીફાઈડ થયા છે. સમગ્ર રાજયમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનું પરિણામ ઉંચુ આવતા કોલેજના આચાર્યએ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે. ઈજનેરી કોલેજમાં પ્રવેશ માટે લેવાતી આ પરીક્ષામાં દેશના ૧૪ લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા. ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ જવલંત સફળતા મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

જે.ઈ.ઈ. પરીક્ષામાં સ્કુલ ઓફ અચિવરના ૭૦ વિદ્યાર્થીઓને સફળતા

ગાંધીનગર, તા. ૮

રાજયમાં પ્રથમવાર યોજાયેલી જે.ઈ.ઈ. મેઈનની પરીક્ષામાં સરગાસણ સ્થિત સ્કુલ ઓફ અચિવરના ૭૦ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા છે. રાજયના કુલ ૯૪ હજાર વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૧૫૦ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. આ પૈકી ૭૦ વિદ્યાર્થીઓ સ્કુલ ઓફ અચિવરના છે. જે.ઈ.ઈ.ની પરીક્ષામાં શાળાનું પરિણામ ૨૦.૦૫ ટકા મેળવી વિદ્યાર્થીઓએ નગરનું ગૌરવ વધારતા સંસ્થાએ તેજસ્વીઓને અભિનંદન પાઠવ્યા છે.

ગાંધીનગરની શાળાના પરિણામ

લેંકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ

ક્રમ	નામ	ટકા
કે.જી.૧		
૧	પટેલ મૌલી	૯૯.૨૫
૨	ભાવસાર વીર	૯૯.૦૦
૩	રાઠોડ દેવરાજસિંહ	૯૮.૨૫
કે.જી.-૨		
૧	પટેલ અનુષ્કા	૯૯.૭૫
૨	રાણા રાજવીરસિંહ	૯૯.૨૫
૨	રાણા સેફલ	૯૯.૨૫
૩	ભાવસાર સાક્ષર	૯૯૦૫
ધોરણ-૧		
૧	પટેલ પરવી	૯૮.૧૨
૨	પટેલ હર્ષિલ	૯૮.૦૦
૩	ચૌધરી ક્રિશ	૯૭.૮૭
૪	પટેલ અંશ	૯૭.૮૭
ધોરણ-૨		
૧	પટેલ ક્રિશ	૯૮.૬૨
૨	પટેલ હર્ષિલ	૯૮.૦૦
૩	રાઠોડ પૃથ્વિરાજસિંહ	૯૭.૮૭
ધોરણ-૩		
૧	ચૌધરી આસ્થા	૯૭.૦૫
૨	પટેલ ભવ્ય	૯૬.૮૩
૨	ચૌધરી વૃષિકા	૯૬.૮૩
૩	ચૌધરી ચિરાગ	૯૪.૦૫
ધોરણ-૪		
૧	પટેલ વૈદેહી	૯૭.૬૬
૨	તરેયા કર્તુમ	૯૬.૮૩
૩	રાઠોડ વિધિબા	૯૫.૮૩
૩	દેસાઈ જયદીપ	૯૫.૮૩
ધોરણ-૫		
૧	પટેલ સાક્ષી	૯૭.૦૫
૨	ચૌધરી જૈમિન	૯૫.૨૯
૩	રાજ પાર્થ	૯૩.૭૫
ધોરણ-૬		
૧	પટેલ ઉર્વિશ	૯૫.૮૩
૨	પ્રજાપતિ ગહેના	૯૪.૭૭
૩	પુરોહિત સહદેવ	૯૩.૧૬
ધોરણ-૭		
૧	પટેલ અક્ષય	૯૬.૩૩
૨	પટેલ રાજવી	૯૬.૨૨
૩	ઠાકોર સાહિલ	૯૪.૩૮
ધોરણ-૮		
૧	ચૌધરી જૈમિન	૯૫.૭૨
૨	આહિર કિનલ	૯૫.૨૭
૩	ચૌધરી હર્ષ	૯૪.૭૭
ધોરણ-૯		
૧	ઠાકર કાજલ	૯૪.૦૦
૨	ચૌધરી વૈભવી	૯૨.૨૮
૩	બિહોલા કામિનીબેન	૮૮.૧૪
ધોરણ-૧૧		
૧	પટેલ જપલબેન	૯૦.૫૫
૨	ચૌધરી મિતલ	૮૧.૦૦
૩	ગુર્જર લાલારામ	૭૯.૧૧
● અંગ્રેજી માધ્યમનું પરિણામ		
કે.જી.-૧		
	શર્મા જૈનમ	૯૩.૦૦
	આહિર અરમાન	૯૧.૦૫
	મોહિત અરૂણકુમાર	૯૧.૦૦
કે.જી.-૨		
૧	ગ્વાલી સાહિલ	૯૨.૮૦
૨	કામ્બલે આક્ષિતા	૯૦.૪૦
૩	પટેલ રૂદ્ર	૮૯.૬૦
ધોરણ-૧		
૧	પટેલ દર્શનરાજ	૯૬.૨૦
૨	ગુર્જર કમલેસ	૯૫.૦૦
૩	ચૌહાણ પૃથ્વીરાજસિંહ	૯૩.૦૪
ધોરણ-૨		
૧	રહેમાન નીષાર	૯૫.૦૮
૨	રોય શુભમ	૯૫.૦૬
૩	તાપડે સ્નેહા	૮૮.૦૬
ધોરણ-૩		
૧	રબારી ધારા	૯૨.૬૦
૨	સક્ષેના અદિતી	૮૯.૪૦
૩	ચૌધરી અંશ	૮૮.૪૦
ધોરણ-૪		
૧	દેસાઈ વિશ્વાસ	૮૯.૬૦
૨	આહિર સુરભી	૮૯.૪૦
૩	ભાપાણી દર્શલ	૮૮.૪૦
ધોરણ-૫		
૧	સિંઘ સંદિપ	૮૮.૧૬
૨	પ્રતિકકુમાર મિશ્રા	૮૧.૬૬
૩	યાદવ સુમિત	૭૬.૦૦
ધોરણ-૬		
૧	પટેલ ધ્રુવિલ	૯૪.૫૦
૨	વિકાસકુમાર	૯૨.૬૬

ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

'ચેકીંગ' શબ્દ સાંભળતાં જ અમારા બાજુના ટેબલ ઉપર બેઠેલા, બદલી થઇને નવા આવેલા દવેભાઇ ગભરાઇને ઊભા થઇ ગયા ને બે હાથ જોડી વંદન કરતા કહ્યું : "આપ જ મંત્રીશ્રી... સાહેબ?"

ચૈત્ર-વૈશાખના વાયરાને વંટોળિયાની માફક લાલાકાકાને અચાનક અમારી ઓફિસમાં ઘસી આવતા જોઇ અમે ગભરાયા. ગભરાવાનાં બે કારણો હતા. "એક તો અંકલનો હાઇ વોલ્યુમ વોઇસ. એમના ઊંચા અવાજના કારણે ભૂતકાળમાં અમારે અમારા સાહેબનો બે વાર ઠપકો ખાવો પડેલો! લાલાકાકા ક્યારેક ઓફિસમાં બેસીને ગામ ગપાટાં મારે, ત્રણચાર કપ ચા પી જાય એતો વાંધો ન હોઇ શકે પરંતુ આ થો ઓફિસમાંથી જાણે કે ચોકઠા પરિષદમાં કે પોતાના ઘરમાં બેઠા હોય એમ એવી મોટે મોટેથી વાતો કરે કે અમારા સહકર્મચારીઓ તો ઠીક, કેબિનમાંથી સાહેબ ઊભા થઇને જોવા આવે કે બહાર કોને, શેનો ઝઘડો થઇ રહ્યો છે!"

લાલાકાકાની બીજી ટેવ તે આવીને ગુંદ, ફેવિકોલ, ક્વિક ફિક્સની જેમ ચીટકીજવાની! તેથી જ એ ઓફિસમાં અમારી પાસે આવ્યા કે અંકલને બારોબાર બહાર ચા-પાણી માટે લઇ જઇ, થોડીવાર ત્યાં વાતો કરી એમને વિદાય કરવાના પ્લાન સાથે અમે ઊભા થઇ ગયા અને ધીમેથી ગભરાટથી પૂછ્યું : "તમે?"

"હા, અમે... " અંકલ હાઇ-વોલ્યુમમાં ઉવાચ.

"કેમ?" અમે ધીરા અવાજે પૂછ્યું.

"ચેકીંગ કરવા..." રેડ અંકલે આદત સે મજબૂર હાઇવોલ્યુમમાં ઉત્તર આપ્યો.

"ચેકીંગ" શબ્દ સાંભળીને, એક તબક્કે ઓફિસમાં અમારી આસપાસ બેઠેલા બધા સજાગ થઇ ગયા. કેટલાક નબળાં કર્મચારીઓનાં હાથમાંથી પેન ને ફાઇલ પડી ગયાં... પણ પછી લાલાકાકાને જોઇને એમને ઘરપત થઇ.

પરંતુ અમારી બાજુના ટેબલ ઉપર બહારથી બદલી થઇને આવેલા નવા દવે ભાઇ અંકલને ઓળખે નહીં એટલે એ તો ફ્ટ દઇને ઊભા થઇ ગયા. બે હાથ જોડીને નમ્રતાથી લાલાકાકાને વંદન કરતાં બોલ્યા : "આપ જ મંત્રીશ્રી... સાહેબ?"

અમારી કચેરીના ઘણા ખરા અંકલને ઓળખે પણ દવે ભાઇ નવા હતા ને મંત્રીશ્રીઓની ઓચિંતી મુલાકાતો - ચેકીંગ અંગે અખબારોમાં આવતા સમાચારો વાંચતા હોવાથી એ તો બિચારા એમ જ સમજ્યા કે મંત્રીશ્રી ચેકીંગ માટે આવ્યા છે. દવેજીનો પ્રશ્ન સાંભળી બધા હસી પડ્યા.

આ ગોટાળાથી રેડ અંકલને મજા પડી અને એ તો રંગમાં આવી ગયા. એમણે હજી ટીખળ ચાલુ રાખતાં કહ્યું, "ભાઇ, હું મંત્રી નથી પણ પ્રજાહિતનો સંત્રી જરૂર છું... મંત્રીશ્રી પ્રજાના પ્રતિનિધિ છે તો હું પ્રજા છું..."

લાલા કાકાની ભારેખમ વાત સાંભળી બિચારા દવે મૂંઝાયા. જો કે આવનાર વ્યક્તિ મંત્રીશ્રી નથી એટલું સમજાયું એટલે તેમણે પોતાનું સ્થાન ગ્રહણ કરી, ફાઇલમાં માથું ખોસી દીધું.

"અંકલ, તમે મશ્કરી છોડો અને ધીમા અવાજે બોલો. અચાનક કેમ પધરામણી થઇ છે તેનું રહસ્ય બોલો."

પણ લાલાકાકા જેનું નામ. એ તો અગાઉ કરતાં વધારે હાઇવોલ્યુમમાં ગાજ્યા : "વાહ... વાહ... પનુભાઇ, વાહ... વાહ... તમે તો કવિતામાં બોલો છો, ચાર..."

"લાલાકાકા પ્લીઝ... ધીમે... કેબિનમાં સાહેબ સાંભળશે તો એ ગુસ્સે થશે અમારા ઉપર..." અમે અંકલને વિનંતી કરી.

"પનુભાઇ, તમારા સાહેબ બોલશો તો એમની સાથે પણ પ્રજાકલ્યાણની વાતો ને વહીવટ વિશે ચર્ચા કરીશું... જો કે ફિકર નોટ... સાહેબ નહીં આવે કેમ કે હું આવ્યો ત્યારે જ મેં એમને બહાર જતા જોયા છે..." લાલાકાકાએ કહ્યું.

અમે એમને ઓફિસમાંથી ખસેડવા કહ્યું : "ચાલો અંકલ, ચા પીવા."

"ચાલો. ચાથી અને તેમ મફ્તની આથી રૂડું કશું નહીં." એ બબડ્યા.

અમે એમને લઇને ચાની લારીએ ગયા. "બે અડદી" નો ઓર્ડર આપ્યો તો કાકાએ સુધારો કર્યો : "એમની અડદી, મારી આખી..."

અને અંકલને એમના આગમનનું કારણ જાણવા પૂછ્યું : "લાલાકાકા, આટલા તાપમાં આ બાજુ કંઇ ખાસ કામે આવ્યા હતા કે શું?"

"હા... ખાસ કામમાં તો સેક્ટરમાં લાઇટ બંધ થઇ ગયેલી તે ગરમીમાં પંખા વગર રહેવું કેમ? તે અહીં બે-ચાર ઓફિસરો પાસે કંઇક ને કંઇક પૂછવા -માહિતી લેવાના બહાને એમની ઠંડવાળી ચેમ્બરોમાં થોડો ટાઇમ બેસી આવ્યો."

અંકલની હોંશિયારી પર અમને હસવું આવ્યું... એટલામાં ચા આવી... અમે ચા પીતા હતા...ત્યા 'અંકલે બાજુમાં બેસીને ચર્ચા કરતા બે જણની વાતો સાંભળી એટલે એ હાઇવોલ્યુમમાં બોલ્યા : "તમે અહીં સર્વિસ કરો છો, ખરૂં ને!"

"હા..." અંકલની કડક ઇન્ક્વાયરીથી થોડા મૂંઝાયેલા પેલા બંને બોલ્યા.

"હં... સાથે શેરબજારમાં પણ રસ લોછો... વાંધો નહીં... પણ સાચે જ માથે ભગવાનને રાખીને કહેજો કે ઓફિસની ફરજમાં વધુ ધ્યાન આપો છો કે શેરબજારમાં?"

પેલા બંનેને, આ કાકા શું કામ પંચાત કરતા હશે તે સમજાયું નહીં એટલે મૌન રહ્યા રેડ અંકલે આગળ ચલાવ્યું : "હમણાં તમે કંઇક ચર્ચા કરતાં કોમેન્ટ કરીને કે બધુ ખાડે જવા બેઠું છે... તે ભઇલા, બધામાં આપણેય આવી ગયા ને? દૂધના હોજમાં હું પાણી નાખીશ તો શો ફરક પડશે એમ માની દરેક જણ પાણી જ નાખે પછી હોજ દૂધથી નહીં, પાણીથી જ ભરાય કે બીજું કંઇ?" આપણે પોતે પહેલાં આપણું સંભાળવું જોઇએ... સમજ્યા?"

"હા... સોરી" પેલા બીજું શું બોલે!

લાલાકાકાની આવી શુદ્ધ, અણિ શુદ્ધ નીતિમત્તા, કર્તવ્યનિષ્ઠાની વાત સાંભળી અમને નવાઇ લાગી... પણ વાતમાં સચ્ચાઇ એવી હતી કે માર નાગરિક તરીકે એના પર ઊંડો વિચાર કરવો જ પડે.

અમને વિચારમાં ડૂબેલા જોઇ અંકલે હાઇવોલ્યુમમાં પીપ... પી... વગાડી : "પનુ ભાઇ, ક્યાં છો ચાર! આવી આવી વાતોમાં પહેલી આખી ચા તો નશો નકામો ગયો. બીજી અડદી પીવી પડશે... આપો ઓર્ડર..."

"હૈ?"

"હેં નહીં, પનુભાઇ, હા..." લાલાકાકા બોલ્યા ને અમારે ચાવાળાને ઓર્ડર કરવો પડ્યો : "એક અડદી ચા આખા બોલા કાકા માટે..."

"પનુભાઇ, સેક્ટરમાં લાઇટો ગઇ છે... ગરમીમાં ઘરમાં બેસવું કેમ? એટલે માહિતી લેવાના બ્હાને થોડી થોડીવાર જુદી જુદી ઓફિસમાં જઇ ઠંડી હવા ખાવા નીકળી પડ્યો છું"